**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૩૬ ટકા

# સે-૮માં ચાલતા ક્રિકેટ સટ્ટા પર દરોડો

## સવાદશ લાખ રોકડ સાથે સે-૭ પોલિસે બુકીને દબોચી લીધો : રૂ. ૧૦.૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં કોઈ ખુણે ખાંચરે ઓછી અવરજવર વાળા લોકેશન પસંદ કરી લાઈવ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડવા આવા સ્થળ ભાડે રાખીને સટ્ટો રમાડવામાં આવી રહ્યો છે. ગઈ મોડી સાંજે સે-૭ પોલિસે ચોકકસ બાતમીને આધારે શહેરના પોશ વિસ્તાર સેકટર-૮માં દરોડો પાડી મકાનમાં મોટા પાયે ચાલતો સટ્ટો પકડી પાડયો હતો. પોલિસે રોકડ રૂ. ૧૦.૨૫ લાખ તથા ચાર મોબાઈલો અને ટીવી મળી કુલ રૂ. ૧૦.૬૪ લાખના મુદ્દામાલ સાથે બંગ્લોમાં સટ્ટો રમાડી રહેલા બુકીને દબોચી લઈ ઉંડી તપાસ શરુ કરી છે.

સેકટર-૭ પોલિસે મથકની સર્વેલન્સ સ્કવોર્ડના પીએસઆઈ ડી.ડી. ઝાલાની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ પુષ્પેન્દ્રસિંહને ચોકકસ બાતમી મળી હતી કે સેકટર-૮માં ગીતાંજલી પાર્ક મકાન નં. ૪૨૯/૨માં મોટા પાયે સટ્ટો રમાડાઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયા-ઈંગ્લેન્ડની ચાલી રહેલી લાઈવ ક્રિકેટ મેચમાં મયુર મુકેશ ઠકકર નામનો બુકી સટ્ટો રમાડી રહ્યો



હોવાની મળેલી આ ખાનગી બાતમી આધારે સર્વેલન્સ સ્કવોર્ડે દરોડો પાડયો હતો. ગઈ સાંજે પાડેલા આ દરોડામાં સ્થળ પરથી રૂ. ૧૦,૨૫,૦૦૦ રોકડ તથા સટ્ટો રમાડવા વપરાતા ચાર મોબાઈલો અને એક ટીવી સહિત કુલ રૂ. ૧૦,૬૪,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સે-૭ પોલિસે મયુર મુકેશ ઠકકરની ધરપકડ કરી લઈ કોનો-કોનો સટ્ટો લેતો હતો અને બુક કયાંથી ચલાવતો હતો ઉપરાંત કોની પાસે બુક કરાવતો હતો તે સહિતની વિગતો બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

## શહેરમાં હજુ ૧૪ જેટલા બુકી ૯૦ જેટલા પંટરો એકટીવ...

### શહેરમાં ૨૨૦૦થી વધુ યુવાનો સટ્ટાના રવાડે ચઢી ગયેલા છે : ઘણા દેવાદાર થઈ ગયા...!

રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાં ખુબ ટુંક સમયમાં કરોડપતિ થઈ જવાનો યુવાનોને ચસ્કો લાગ્યો છે. જેને પગલે સટ્ટાના રવાડે યુવાનો ચઢી રહ્યા છે. સટ્ટા બજારનું એક સુત્ર છે કે સટ્ટો રમનાર કયારેય ન જીતે...ને સટ્ટો રમાડનાર કયારેય ના હારે...! સટ્ટામાં ગાંધીનગરમાં ઘણા યુવાનો દેવામાં ડુબી ગયા છે. સટ્ટાના રવાડે હાલ ગાંધીનગર શહેરના ૨ ૨૦૦થી વધુ યુવાનો છે જે પંટરો અને બુકીઓ પાસે સટ્ટા રમી રહ્યા છે. ગાંધીનગર શહેરના ૩૦ સેકટરમાં હાલ ૧૪ મોટા બુકીઓ અને ૯૦ જેટલા પંટરો સુપર એકટીવ હોવાનું આધારભુત સુત્ર પાસેથી જાણવા મળ્યું છે. જેમાં કેટલાક પોલિસની રહેમનજર તો કેટલાક પોલિસની જાણ બહાર ચાલી રહ્યા છે...!

## વાતવાતમાં

● શિવરાત્રી પર્વ નજીક આવતા જ શકકરિયા અને બટાકાના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. જે બટાકા ૩૦ રૂપિયે અઢી કિલો મળતા હતા તેના હવે ૪૦ રૂપિયે અને જે શક્કરિયા ૨૦ થી ૩૦ રૂપિયે કિલો મળતા હતા તેના હવે ૫૦ રૂપિયા સુધીનો ભાવ થઈ જવા પામ્યો છે.

● રવિવારે પ્લાસ્ટ ઈન્ડિયામાં સવારે મુલાકાતીઓનો ધસારો વધુ જોવા મળ્યો પરંતુ દિવસ દરમ્યાન અપેક્ષા કરતા ઓછા મુલાકાતીઓ આવ્યા હતા. આ કારણે છેલ્લા ત્રણ દિવસથી ટ્રાફિકની સમસ્યાનો સામનો કરી રહેલા નગરજનોને રવિવારે થોડી રાહત જણાઈ હતી.

## ચલોડા પ્રાથમિક શાળા ખાતે સત્યનારાયણની કથા યોજાઈ

ચિલોડા, તા.૧૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત પ્રાથમિક શાળાના નવનિર્મિત શાળાના મકાનમાં બાળકોના પ્રવેશ નિમિત્તે સત્યનારાયણની કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગામના શાસ્ત્રીજી વિષ્ણુપ્રસાદ રાવલે શાસ્ત્રોકત કથાનું બાળકોને રસપાન કરાવી શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સોહાની ઠાકોરના હસ્તે કથાનું પૂજા અર્ચન કરાવી બાળકોએ કથાનો પ્રસાદનો લ્હાવો લીધો હતો. આ પ્રસંગે શાળાના આચાર્યા હર્ષદભાઈ પટેલ, એસ.એમ.સી.ના અધ્યક્ષ તખતસિંહ ટાકોર, શિક્ષણવિદ્ નટુભાઈ પટેલ, ટીનાજી ઠાકોર તેમજ શિક્ષકગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



## સે-૩૦માંથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી મેકસ જીપ પકડાઈ

### રૂ. ૪.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત : પોલિસને જોઈને જીપ મુકી બટલેગર ફરાર

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૩૦ ખાતે વિદેશી દારૂનો જથ્થો ભરેલી મેકસ જીપ લઈને એક બુટલેગર આવ્યો હતો. શંકાસ્પદ આ જીપ જોઈને સેકટર-૨૧ પોલિસે તેનો પીછો કર્યો હતો. જો કે પોલિસને જોઈને સે-૩૦ સર્વોદયનગર પાસે જીપ મુકીને બુટલેગર ફરાર થઈ ગયો હતો. પોલિસે જીપમાં તપાસ કરતા અંદરથી દોઢ લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. સે-૨૧ પોલિસે રૂ. ૪.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે. સેકટર-૨૧ પી.આઈ. નિરેજ પટેલની ટીમ સેકટર-૩૦ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે જીજે ૦૯ એમ ૯૦૬૪ નંબરની એક મેકસ જીપ શંકાસ્પદ દેખાતા તેનો પીછો કરવામાં આવ્યો હતો. પોલિસને પીછો કરતા જોઈને સે-૩૦ સર્વોદયનગર પાસે બુટલેગર જીપ મુકીને નાસી ગયો હતો. પોલિસે જીપમાં તપાસ કરતા અંદરથી રૂ. ૧,૫૪,૦૦૦ની કિંમતનો ૩૦૮ નંગ વિદેશી દારૂનો બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૩ લાખની જીપ અને રૂ. ૧.૫૪ લાખનો દારૂનો જથ્થો મળી કુલ રૂ. ૪.૫૬ લાખનો મુદ્દામાલ સે-૨૧ પોલિસે જપ્ત કરી જીપના નંબરને આધારે બુટલેગર સુધી પહોંચવા તપાસ તેજ કરવામાં આવી છે.






## જુગારીઓ પણ ચિલોડા પોલિસને થાપ આપીને ભાગી જાય છે...!

ગાંધીનગર, તા.૧૧

ચિલોડા નજીક આવેલા મોટી શિહોલી ગામમાં તળાવ પાસે ચિલોડા પોલિસે ગઈ સાંજે દરોડો પાડયો હતો. રૂ. ૨૭૦ લઈને બાજી માંડીને બેઠેલા ચાર શકુનીઓ પૈકી ચિલોડા પોલિસ બે ને જ પકડી શકી..! બે શકુની પોલિસની નજર સામે ભાગી ગયા પરંતુ તેને પકડી શકાયા નહીં...!

ચિલોડા પોલિસે રૂ. ૨૭૦ સાથે બેની ધરપકડ કરી ફરાર બંને શકુનીને પકડી પાડવા તજવીજ શરુ કરી છે. ચિલોડા પોલિસે વિક્રમ પ્રવિણ ઠાકોર અને કાના બબા ઠાકોરની ધરપકડ કરી લીધી છે જયારે ગાભા બબા ઠાકોર અને નારાયણ ઈશ્વર ઠાકોર ફરાર છે.

## લોહાણા યુવા સંગઠન-ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ 'મંચ એક રંગ અનેક'નું આયોજન

### સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખોની સેવા ભાવનાને પણ આ પ્રસંગે બિરદાવવામાં આવશે

ગાંધીનગર, તા.૧૧

સામાજીક તેમજ ધાર્મિક ક્ષેત્રે કાર્યરત લોહાણા યુવા સંગઠન - ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૩-૦૨-૨૦૧૮, મંગળવાર (શિવરાત્રી)ના દિવસે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે સાંજે ૭.૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ "મંચ એક રંગ અનેક"નું આયોજન કરવામાં આવેલ છે.

આ વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ સમાજના લોકોને મંચ આપવાના ઉમદા હેતુ સાથે કરવામાં આવેલ છે. સમાજના બાળકોથી માંડીને યુવા સહિત મોટી ઉંમરના લોકો દ્વારા ગીત, સંગીત, ડાન્સ, નાટક, કરાટે, ગરબા સહિત અનેક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. જેને પ્રોત્સાહિત કરવા લોહાણા સમાજના બંધુઓને સહપરિવાર ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવે છે. આ કાર્યક્રમના કાર્ડ મોકલવામાં આવેલ છે, સંજોગોવસાત કાર્ડ ન મળેલ હોય તો પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કલાકારોની કલાસાધનામાં સહભગા બનવા નમ્ર વિનંતી છે.

આ પ્રસંગે લોહાણા યુવા સંગઠન - ગાંધીનગરના ભૂતપૂર્વ પ્રમુખોની સેવા ભાવનાને બિરદાવવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે.

## ઉવારસદ રોડ પર ડમ્પરનું હાઈડ્રોલીક વિજવાયરને અડકી જતા ડ્રાઈવરનું મૃત્યુ

### પેટ્રોલપંપ પાસે હાઈડ્રોલીકને ગ્રીસીંગ કરવા ડમ્પર ઉભી રાખીને ઉપર વિજવાયરને અડકી જતા કરંટ લાગ્યો : કલીનર ઘાયલ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક વવોલ-ઉવારસદ રોડ પર આજે સવારના અરસામાં પેટ્રોલપંપ પાસે ડમ્પર સાઈડમાં કરીને ડ્રાઈવરે ડમ્પરનું હાઈડ્રોલીક ગ્રીસીંગ કરવા તૈયારી કરી હતી. હાઈડ્રોલીક ઉપર કરતા જીવંત વિજવાયરને હાઈડ્રોલીક અડકી જતા કરંટ લાગ્યો હતો જેમાં ડ્રાઈવરનું સ્થળ પર મૃત્યુ નિપજયું હતું. જયારે કલીરન ઘાયલ થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. અડાલજ પોલિસ અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

વાવોલ-ઉવારસદ રોડ ઉપર એસ્સાર પેટ્રોલ પંપ પાસે ડમ્પર નં. જીજે ૨ એકસ એકસ ૪૬૮૭ ઉભું રાખીને આજે સવારના સુમારે બે રાજસ્થાની ડ્રાયવર-કલનીર હાઈડ્રોલીકને ગ્રીસીંગ કરવા ઉભા રહ્યા હતા. જયાં ડમ્પર ઉભું રાખ્યું હતું તેની ઉપરથી ૧૧૦૦ વૉટની જીવંત વિજ લાઈનના વાયર પસાર થતા હતા. હાઈડ્રોલીક ઉપર કરતા જ વિજવાયરને અડકી જતા કરંટ લાગતા ડ્રાઈવર લાલુરામ કાનાજી રાવત (ઉ.વ. ૪૦)નું સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે ડમ્પરમાં બેઠેલા કલીનર હમીરજી બેરૂજી રાવત ઘાયલ થતા હોસ્પિટલ લઈ જવાયો છે. અડાલજ પોલિસે ડ્રાયવરને મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની તપાસ આરંભી છે.

## સે-૧૪ છાપરા પાસે ટેમ્પોની ટકકરે બાઈક ચાલકનું મૃત્યુ

ગાંધીનગર નજીક ઉનાવા ગામમાં રહેતો યુવાન જયેશ ગઈ કાલે મોડી સાંજે જીજે ૦૧ ડી.એચ. ૩૯૬૦ નંબરનું બાઈક લઈને ખ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે પાછળથી બેફામ ગતિએ આવી રહેલા જીજે ૧૮ એ.ઝેડ. ૩૫૦૦ નંબરના પીકઅપ ડાલા (ટેમ્પો)માં ચાલકે બાઈકને સે-૧૪ છાપરા નજીક ટકકર મારતા બાઈક ચાલક જયેશ ગંભીર રીતે ઘવાયો હતો. હોસ્પિટલ લઈ જવાયેલા બાઈક ચાલકનું અત્રે સારવાર દરમિયાન કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. સે-૭ પોલિસે ટેમ્પો ચાલક સામે મૃતકના બનેવી જયંતભાઈ રાવની ફરિયાદ આધારે ગુનો નોંધી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

## શિવરાત્રીએ બ્રહ્માકુમારીઝ દ્વારા સે-૩ ડી રામેશ્વર મંદિર ખાતે બર્ફીલા અમરનાથ

ગાંધીનગર, તા.૧૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેકટર-૩ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૩ ફેબ્રુઆરીને મંગળવારના રોજ મહાશિવરાત્રીના પાવન પર્વે બર્ફીલા અમરનાથ, આત્મખોજ પ્રદર્શન અને શિવ અવતરણ વિડિયો શો તથા વેલ્યુ ગેમનું આયોજન કરવામાં આવ્યું છે. બર્ફીલા અમરનાથના દર્શન અને આત્મખોજ પ્રદર્શન શિવરાત્રીના દિવસે સવારે ૭ થી સાંજના ૭ કલાક સુધી નિહાળી શકાશે. આ ઝાંખીના ઉદ્ઘાટક તરીકે શહેરના ધારાસભ્ય ડો. સી.જે.ચાવડા ઉપસ્થિત રહેશે.

શિવરાત્રીના પાવન પર્વે શહેરના સેકટર-૩ ડી રામેશ્વર મંદિર ખાતે આયોજીત આત્મખોજ પ્રદર્શનના ઉદઘાટન પ્રસંગે દિપ પ્રાગટયમાં ડો. વિજય ઉપાધ્યાય, ડો. મહિપતસિંહ પરમાર, ડો. બ્રિજેશ પટેલ, ડો, સુરેન્દ્ર ત્રિવેદી, ડો. વિપુલ ઠક્કર, અને ડો.ખિલન મણીયાર સહિત એ.ડી.પટેલ, પી.એમ.પરમાર, શંકરભાઈ ચૌધરી તેમજ કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, રાકેશભાઈ પટેલ, હિરલબેન જોશી, ઉર્મિલાબેન વર્મા સહિત સેકટરના આગેવાનો મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## સે-૨૮ દત્ત મંદિર ખાતે લઘુરુદ્ર યજ્ઞ યોજાશે

ગાંધીનગર,તા.૧૧

મહા માસની મહા શિવરાત્રી નિમિતે રુદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે લઘુરુદ્ર યજ્ઞનું આયોજન સેકટર-૨૮ દત્ત મંદિર ખાતે આગામી તા. ૧૩ ફેબ્રુઆરીને મંગળવારના રોજ સવારે ૮.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન કરવામાં આવેલ છે. એક કુંડી યજ્ઞમાં મંડળના ત્રણ યજમાન સહ સભ્યો સાથે ભગવાન શિવનું પૂજન કરી સર્વે આધિભુતોના કલ્યાણની પ્રાર્થના કરવામાં આવશે. મંડળના સૌ સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા તેમજ સૌ ધર્મપ્રેમી જનતાને દર્શનનો લ્હાવો લેવા મંડળના મહામંત્રી બી.ડી.શર્માએ અનુરોધ કર્યો છે.

## સે-૨ સી બ્રહ્માકુમારી શાખા દ્વારા શોભાયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૧૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેકટર-૨ સી શાખા દ્વારા શિવરાત્રી નિમિતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા સવારે ૮.૩૦ કલાકે થી સેકટર-૨ સી પ્લોટ નં ૧૫૯૫-૨ ખાતેથી પ્રસ્થાન થશે અને સેકટરના આંતરીક માર્ગો અને મુખ્ય માર્ગો પર પરિભ્રમણ કરશે. આ શોભાયાત્રામાં ટુ-વ્હીલર, ફોર-વ્હીલર તથા પદયાત્રીઓ જોડાશે. આ યાત્રા વિશે વધુ માહિતી મેળવવા માટે અને તેમા જોડાવવા સેકટર-૨ સી પ્લોટ નં-૧૫૯૫-૨ રીંગરોડ પર આવેલા બ્રહ્માકુમારીઝ કેન્દ્રનો સંપર્ક કરવા જણાવ્યું છે.

## ચિરવિદાય

● સ્વ. સીસોદીયા સજ્જનસિંહ વખતસિંહ, ઉ.વ. ૬૭
● સ્વ. રમણભાઈ ગોકળદાસ નાયી, ઉ.વ. ૬૫

# હજુ તેના શ્વાસ ચાલે છે, એમ કેવી રીતે છોડી દઉ ??

## દિકરીની વિદાય બાદ આઘાતમાં હાઈબીપી થઈ જવાથી બ્રેઈન હેમરેજનો ભોગ બની સંપૂર્ણ લકવાગ્રસ્ત બનેલી પત્નિની ચાર વર્ષથી માવજતભરી સારવાર કરાવતા પતિ પ્રેમની અનોખી ભાષા સમજાવી રહ્યાં છે




ગાંધીનગર, તા. ૧૧

ફરી એકવાર વસંતઋતુ આવી છે અને ફરી એકવાર પ્રેમની મૌસમ ખિલી ઉઠી છે. યુવા દિલોનો થનગનાટ 'વેલેન્ટાઈન્સ ડે' ઉજવવા માટેનો ઉત્સાહ દર વર્ષે વધતો જાય છે, અને કેમ ના વધવો જોઈએ, આખરે આજના યુગમાં વધતી નફરત, કિન્નાખોરી કે વેરઝેરને કાપવા સ્નેહના વાવેતર તો શક્ય હોય તેટલાં વધુ કરવા પડશે જ ને ? જો કે દરેક માટે પ્રેમ શબ્દનો અર્થ અલગ અલગ હોય છે, કોઈ તેને એક ઉત્કટ લાગણી કહે છે તો કોઈના માટે તે ત્યાગ છે, કોઈના માટે પ્રેમ એ આનંદભર્યો સહવાસ છે તો કોઈના માટે પ્રેમ એ સમર્પણ છે, જવાબદારી છે અને પ્રતિબદ્ધતા છે. પ્રેમની આવી જ અનોખી પરિભાષા ગાંધીનગર પાસેના કોલવડા ખાતેની સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી એક લકવાગ્રસ્ત મહિલાના પતિની છે. જેમણે છેલ્લાં ચાર વર્ષથી પત્નિને બિમારીમાંથી સાજી કરવા કરવાં પોતાના ધીકતાં વ્યવસાય અને સામાજીક જીવનની આહુતિ આપી દીધી છે.

કચ્છના ભૂજથી આશરે ૨૦ કિમી. દૂર ફોતડી ગામે શિવનાથ એન્ટરપ્રાઈઝના નામથી સિમેન્ટ બ્લોકસ બનાવવાનો અને સાથે કન્સ્ટ્રકશન કોન્ટ્રાકટરનો વ્યવસાય કરતા શિવજીભાઈ ખેતાણીનો તેમના પત્નિ રાધાબેન, વયોવૃદ્ધ માતા, એક ઉમંરલાયક દિકરી અને બે દિકરા સાથેનો હર્યોભર્યો આનંદકિલ્લોલ કરતો પરિવાર વસવાટ કરતો હતો. શિવજીભાઈની કંપનીમાં આશરે ૩૫ થી વધુ માણસો કાર્યરત હતા અને મહિને લાખેક રૂપિયા તેઓ કમાઈ લેતા હતા. શિવજીભાઈ અને રાધાબેનના મળતાવડા સ્વભાવનો કારણે તેમણે મિત્રવર્તુળ પણ સારૂ એવુ બનાવ્યુ હતુ. જે છાશવારે તેમના ઘરે મોડીરાત સુધી ગપ્પા હાંકવા એકઠુ થતુ. આ સમયે રાધાભાભીની ગરમાગરમ ચા-નાસ્તા સાથેની પરોણાગત મિત્રો માટે તો જયાફત સમાન બની રહેતી. રાધાબેન હોંશે હોંશે સૌની આગતા સ્વાગતા કરતા. આમ પણ તેમનો સરળ સ્વભાવ પરિવાર માટે કેન્દ્રબિંદુ સમાન હતો. બંનેની જોડી મિત્ર વર્તુળમાં 'ફેવરીટ' હોવા સાથે બંનેને દરરોજ સાંજે સાથે આંટો મારવા જવુ કે સપ્તાહે એકાદવાર પરિવાર સાથે બહાર જમવા જવુ વગેરે ખૂબ પસંદ હતુ. રાધાબેન આમ પાછા ધાર્મિકવૃત્તિ ધરાવતા એટલે નિયમિત મંદિરે જવા ઉપરાંત શિવરાત્રિ હોય કે જન્માષ્ટમી કે પછી એકાદશી, તેઓ અચૂક ઉપવાસ કરે, તમામ વ્રત કરે અને સમય પસાર કરવા તેમનો મનપસંદ શોખ હતો. ટીવી પર સિરિયલ્સ જોવાનો. આવા સુખી પરિવારમાં દિકરીના લગ્ન લેવાયાં અને દિકરીને આફ્રિકામાં વ્યવસાય કરતો મુરતિયો મળ્યો હતો. દિકરીને વળાવવાના ચોથા દિવસે કદાચ દિકરીના વિરહની વેદના સહન ના થઈ શકવાથી રાધાબેનનું બ્લડપ્રેશર અચાનક હાઈ થઈ ગયું અને તેમને ઘરમાં ઉલ્ટી થઈ. શિવજીભાઈએ તેમને દવાખાને લઈ જવા ગાડી તૈયાર કરી ત્યાં તો આંગણામાં ફરી વોમિટ થઈ તેથી તેઓ ચિંતામાં પડ્યા.

હજુ ગાડી માંડ બસો ફુટ આગળ વધી ત્યાં તો રાધાબેનનું આખુ શરીર લાકડા જેવુ થઈ ગયુ અને હાથ-પગ હલવાના બંધ થઈ ગયા, માત્ર ધીમો શ્વાસ જ ચાલુ



● અનુસંધાન પાન-૭ પર